R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2012-14. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2012-14 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૫● તા. ૨૨મી મે, ૨૦૧૩ ● અંક નં. ૧૪

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : ભાગ્યેશ જહા

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી   કાર્યવાહક સંપાદક : કે. એ. કરમટા   સહસંપાદક : ભરત ડી. રાવલ, પ્રવિણ સોનારીયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.*

વેબ સાઇટ : www.gujaratinformation.net   www.facebook.com/gujaratinformation.official   Phone No. : 079-232-53440

## સશસ્ત્ર સીમા બળ

### આસિ. સબ ઈન્સ્પેક્ટર/હેડ કોન્સ્ટેબલ/કોન્સ્ટેબલ/(ટેલિકોમ)ની જગ્યાઓ માટે ભરતી

સશસ્ત્ર સીમા બળ દ્વારા આસિ. સબ ઈન્સ્પેક્ટર, હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ (ટેલિકોમ) ની જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ભારતીય નાગરિક એવા પુરૂષ ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવવામાં આવે છે.

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૦-૦૬-૨૦૧૩**

**જગ્યાની કુલ સંખ્યા : ૭૬૬**

❑ **જગ્યાની વિગતો :**

| ક્રમાંક | જગ્યાનું નામ, પગાર ધોરણ | સામાન્ય | અ.જા. | અ.જ.જા. | અ.પ.વ. | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | આસિ. સબ ઈન્સ્પેક્ટર(ટેલિ કોમ્યુનિકેશન) (રૂ.૫૨૦૦-૨૦,૨૦૦ + રૂ.૨૮૦૦ ગ્રેડ પે.) | ૩૩ | ૦૪ | ૨૨ | ૦૪ | ૪૩ |
| ૨. | હેડ કોન્સ્ટેબલ (ટેલિ કોમ્યુનિકેશન) (રૂ.૫૨૦૦-૨૦,૨૦૦ + રૂ.૨૮૦૦ ગ્રેડ પે.) | ૩૦૧ | ૧૦૦ | ૫૦ | ૧૮૧ | ૬૩૨ |
| ૩. | કોન્સ્ટેબલ (ટેલિ કોમ્યુનિકેશન) (રૂ.૫૨૦૦-૨૦,૨૦૦ + રૂ.૨૦૦૦ ગ્રેડ પે.) | ૪૫ | ૧૪ | ૦૭ | ૨૫ | ૯૧ |

NOTE : **1.** Number of vacancies may increase or decrease depending upon the position at the time of final selection without any notice. **2.** The posts are temporal but likely to become permanent. **3.** The recruitment will be conducted on all India basis. **4.** Selected candidates are liable to be posted anywhere within as well as outside the Territory of India according to transfer policy of the force. 5.10% Vacancies reserved for Ex-Servicemen.

❑ **Eligibllity Conditions For Above Posts are as Under :**

| Sl. No. | Eligibllity Condition | Posts: ASI (Telecom) | Posts: HC/Cons. (Telecom. |
|---|---|---|---|
| 1. | Age as on 20-6-2013 | 18 to 25 years | 18 to23 years |

- ઉપલી વયમાં અ.જા./અ.જ.જા. વર્ગના ઉમેદવારોને પાંચ વર્ષ અને અ.પ.વ.ના ઉમેદવારોને ત્રણ વર્ષની છૂટ મળી શકશે.
- સરકારી કર્મચારીઓ, વિભાગના કર્મચારીઓ એક્સ સર્વિસમેનને નિયમોમુસાર છૂટ મળી શકશે.
- ૧૯૮૪ અને ૨૦૦૨ના કોમી રમખાણોમાં માર્યા ગયેલા શખ્શોના વારસો/આશ્રિતોને નિયમોને આધિન પાંચ વર્ષની છૂટ મળી શકશે.

❑ **EDUCATIONAL QUALIFICATION :**

- **ASI (Telecom.):** Matric with Diploma in Electronics; **Or** Telecommuni- cation from an Institution recognized by the State Government or equivalent; **Or** ii) 10+2 Or Intermediate with aggregate marks of fifty percent with selective subject being Physics, Chemistry and Mathematics from a recognized oard or Institution or equivalent.
- **HC (Telecom)** Matric or equivalent with two years I.T.I. Certificate in Electronics Or Intermediate/ 10+2 with Physics, Chemistry, and Mathematics from a recognized Board or Institution or equivalent.
- **Constable (Tele Communication) :** Mataicalation or equivalent with science from a recognized Board/ Institate or equivlent.

❑ **શારીરિક ધોરણ :** ત્રણેય કેટેગરી માટે : ઊંચાઇ-૧૭૦ સે.મી. (આદિવાસીઓ માટે ૧૬૨.૫ સે.મી.), છાતી ૮૦ સે.મી., (ફૂલાવેલી ૮૫ સે.મી.) (આદિવાસીઓ માટે ૭૬-૮૧ સે.મી.), વજન -ઊંચાઇને અનુરૂપ.

- **દ્રષ્ટિનું ધોરણ :** ત્રણેય જગ્યાઓ માટે ઉમેદવારની દૂરની દ્રષ્ટિનું ધોરણ એક આંખમાં ૬/૬, અને બીજી આંખમાં ૬/૯ હોવું જોઇએ.
- ઉમેદવાર વળેલા ઘૂંટણ, સપાટ તળીયા, વેરીકોસ વેઇન, ત્રાંસી આંખ જેવી શારીરિક ખામી ધરાવતા ન હોવા જોઇએ. તથા તેઓ ઊંચી રંગ દ્રષ્ટિ ધરાવતા હોવા જોઇએ. ઉમેદવાર સારૂ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ધરાવતા હોવા જોઇએ. તેમજ ફરજમાં અડચણરૂપ બને તેવી કોઇપણ શારીરિક ખામીથી મુક્ત હોવા જોઇએ.

❑ **શારીરિક સુસજ્જતા કસોટી** (PET) :

* આસિ. સબ ઈન્સ્પેક્ટર (ટેલિકોમ), હેડ કોન્સ્ટેબલ/ કોન્સ્ટેબલ (ટેલિકોમ) માટે :

(૧)૧૦૦ મીટર દોડ - ૧૬ સેકન્ડમાં

(૨)લાંબો કૂદકો - ૧૧ ફૂટ (ત્રણ તક)

(૩)ઊંચો કૂદકો - ૩ ફૂટ ૬ ઇંચ (ત્રણ તક)

(૪)૮૦૦ મીટર દોડ - ૪ મિનિટમાં

- PET માટે કોઇ વધારાના ગુણ ગણાશે નહીં. PET માં ક્વોલીફાય થવું દરેક ઉમેદવાર માટે ફરજીયાત છે. કોઇપણ ઈવેન્ટમાં નિષ્ફળ જનાર ઉમેદવાર લેખિત પરીક્ષામાં બેસી શકશે નહીં.

PET માં સફળ થનાર ઉમેદવારે ત્યારબાદ લેખિત પરીક્ષામાં બેસવાનું રહેશે.

- **લેખિત પરીક્ષા :** બધી જગ્યાઓ માટે લેખીત પરીક્ષા, ત્યારબાદ ઈન્ટવ્યૂ યોજાશે.
- **લેખિત પરીક્ષા :** બધી કેટેગરી માટે લેખિત પરીક્ષામાં બહુવિકલ્પ આધારીત હેતુલક્ષી પ્રશ્નો પૂછવામાં આવશે. તેમાં સામાન્ય અંગ્રેજી/હિન્દી (૨૫ ગુણ), સામાન્ય જ્ઞાન (૨૫ ગુણ), ફિઝિક્સ, કેમિસ્ટ્રી, મેથ્સ. તેમજ બેઝિક ઇલેક્ટ્રોનિક્સને લગતા (૫૦ ગુણ) પ્રશ્નો પૂછવામાં આવશે. કોન્સ્ટેબલ માટે સાયન્સને લગતા પ્રશ્નો (૫૦ ગુણ) કુલ ગુણ ૧૦૦ રહેશે.

❑ **પસંદગી પ્રક્રિયા :** ઉમેદવારની પસંદગી મેરિટના આધારે થશે. દરેક કેટેગરી માટે ક્વોલીફાઇંગ ટકાવારી નીચે મુજબ છે.

- સામાન્ય અને એક્સ સર્વિસમેન - ૫૦ ટકા (કોન્સ્ટેબલ માટે- ૪૦ ટકા)
- અ.જા./અ.જ.જા./અ.પ.વ. - ૪૦ ટકા (કોન્સ્ટેબલ માટે-૩૫ ટકા)

❑ **તબીબી પરીક્ષા :** લેખિત પરીક્ષા અને પ્રેક્ટીકલ ટેસ્ટમાં ક્વોલીફાય થયા બાદ તેઓની ફરજ માટે ફીટનેસ ચકાસવા વિસ્તૃત તબીબી પરીક્ષા યોજાશે.

- તબીબી પરીક્ષામાં અનફીટ જાહેર થયેલ ઉમેદવાર નિયમોનુસાર નિયત સમયમાં જરૂરી ફી સાથે અપીલ કરી શકે છે.

❑ **અરજી ફી :** સામાન્ય અને અ.પ.વ. ના ઉમેદવારોએ અરજી ફી રૂપે રૂ. ૫૦ ચૂકવવાના છે. અરજી ફી ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાની છે. અ.જા./અ.જ.જા./એક્સ સર્વિસમેન ઉમેદવારોએ અરજી ફી ચૂકવવાની નથી.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

- યોગ્યતા ધરાવતા ઉમેદરવારોએ જાહેરાતમાં દર્શાવેલ નિયત

➔

## સફળતાનું ઝરણું.....

### હકારાત્મક અભિગમ

*'મન ચંચળ છે' ઉક્તિ છે. મનને ઘણી ઝંખનાઓ હોય છે. દરેક વ્યક્તિ સારું આરોગ્ય, સલામતી, માનસિક શાંતિ, સુખદાયી માહોલ ઝંખતી હોય છે. પરંતુ, બધી જ વ્યક્તિઓને તે બધું સુલભ થતું નથી. તેનું મુખ્ય કારણ 'મન' છે. આપણા મન પાસે અદ્‌ભૂત અને અગાધ શક્તિઓ રહેલી છે. વ્યક્તિ જેવું વિચારે, અનુભવે અને માને તે પ્રમાણે તેનું મન, શરીર અને સંજોગો આકાર લેતા હોય છે. તેથી આપણે આપણી માન્યતાઓ, વિચારોમાં યોગ્ય પરિવર્તન સમયાનુસાર લાવવું પડે છે.*

*મનના બે પ્રકાર છે. જાગૃત મન અને અર્ધજાગૃત મન. જાગૃત મન પાસે ૧૦ ટકા શક્તિ છે. જ્યારે અર્ધ જાગૃત મન પાસે ૯૦ ટકા શક્તિ રહેલી છે. તેથી તજજ્ઞો અર્ધ જાગૃત મનની ૯૦ ટકા શક્તિઓનો ઉપયોગ કરવાનું કહે છે. તે જો શીખી શકાય તો સુખ, સફળતા, શાંતિ, સમૃધ્ધિ, સુવિધાઓ યથાશક્તિ પ્રાપ્ત થાય છે. આપણે હંમેશા હકારાત્મક વિચારો કરવા જોઇએ. જેની અસર આપણા અર્ધજાગૃત મન પર પડે છે. તેના પરિણામે સારું કરી શકાય છે અને સારું મેળવી શકાય છે. જો આપણે અજાણતા પણ નકારાત્મક વિચારોને અર્ધજાગૃત મનમાં પ્રવેશવા દઇએ તો વારંવાર એ નકારાત્મક વિચારોનો પડઘો આપણા વાણી, વર્તન અને વ્યવહારમાં પડે છે. મહત્વની વાત એ છે કે આપણી સાથે જે કંઇ પણ બને છે તે માટે મોટાભાગે આપણા વિચારો જ જવાબદાર હોય છે.*

*તેથી વિચારો, વાણી, વર્તન, વ્યવહાર, વ્યક્તિત્વમાં હંમેશાં હકારાત્મક અભિગમ જ રાખો અને કેળવો.*

સૌજન્ય : 'સફળતાનો સંકલ્પ'

➔ નમૂના મુજબ અરજી કરવાની છે. અરજી ફોર્મ અને એડમીટ કાર્ડમાં નિયત જગ્યાએ તાજેતરમાં પડાવેલો પાસપોર્ટ સાઈઝનો ફોટો પ્રમાણીત કરાવેલો ચોંટાડવો. ભરેલા અરજી ફોર્મ નીચે દર્શાવ્યા મુજબ સરનામે મોકલવાના છે.

❑ **અરજી મોકલવાનું સરનામું :**

The Inspector General,Frontier HQ. Sashastra Seema Bal,Lucknow,Sankalp Bhavan, Vibhuti Khand Plot No.TC/35-V-2, Gomtinagar,Lucknow (U.P.)-226010

- ડી.ડી.**"Accounts Oficer, SSB, FIR, HQ, Lucknow"** ના નામે **SBI** બ્રાન્ચ **Lucknow** ખાતે ચૂકવવાપાત્ર મોકલવો.
- અરજી મોકલવાના કરવર પર મોટા અક્ષરે "Application For the Post of .................. in SSB એમ ખાસ લખવું.

❑ **અરજી સાથે મોકલવાના બિડાણો :** (પ્રમાણીત નકલો બીડવી)

- શૈક્ષણિક/ટેકનીકલ લાયકાતના પ્રમાણપત્ર
- જન્મ તારીખના પુરાવા માટે મેટ્રિક્યુલેશન/10+2 નું પ્રમાણપત્ર
- જાતિના દાખલાનું પ્રમાણપત્ર (નિયત નમૂના મુજબ)
- એકસ સર્વિસમેન માટે ડિસ્ચાર્જ/છૂટા કર્યાનું પ્રમાણપત્ર
- સરકારી કર્મચારીઓ માટે એન.ઓ.સી.
- પરિશિષ્ટ-૬ મુજબ પ્રશ્નાવલી
- ડિમાન્ડ ડ્રાફ્ટ ♦ સ્વયંનું સરનામું લખેલ ૪ x ૯ ઇંચ ના બે પરબીડિયા બંને ઉપર રૂ. ૨૫ની ટપાલ ટિકિટ લગાડેલા સાથે બીડવા. ♦ ડોમીસાઈલ/બોનાફાઈડ/કાયમી રહેવાસનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર

❑ **મહત્વની સૂચનાઓ :**

- જાહેરાતમાં દર્શાવેલ નિયત નમૂના સિવાય મોકલવામાં આવેલી અરજીઓ રદ થશે.
- એકથી વધુ જગ્યા માટે અરજી કરવા ઇચ્છતા ઉમેદવાર દરેક જગ્યા માટે અલગ-અલગ અરજી કરી શકે છે.
- ભરતી પ્રક્રિયા દરમ્યાન ઉમેદવારને ઈજા/નુકશાન થવા બદલ સરકારની જવાબદારી થતી નથી.
- લેખિત પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે કોઈ ટી.એ./ડી.એ. મળશે નહીં. માત્ર અ.જા./અ.જ.જા. વર્ગના બેરોજગાર ઉમેદવારને જ આવવા-જવાની મુસાફરી માટે બીજા વર્ગનું રેલવે/બસ ભાડું પ્રવાસ કર્યાની સાબીતી, અસલ જાતિનું પ્રમાણપત્ર, બેરોજગાર હોવા અંગેનું ધારાસભ્ય, સંસદ સભ્ય, ગેઝેટેડ ઓફિસરનું પ્રમાણપત્ર રજૂ કર્યે પરત ચૂકવવામાં આવશે.
- ઉમેદવારે ભરતી માટે ૭-૮ દિવસના સ્વયંના ખર્ચે રોકાણની વ્યવસ્થા સાથે આવવાનું રહેશે.
- યોગ્યતા ધરાવતા ઉમેદવારોને ટપાલ દ્વારા ભરતી કેન્દ્રનું સ્થળ, સમય અને તારીખ જણાવવામાં આવશે.

## કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૩ પ્રસિધ્ધ થઈ ચૂક્યો છે

*ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા દર વર્ષે એસ.એસ.સી. અને એચ.એસ.સી. પરીક્ષાના પરિણામો સમયે વિદ્યાર્થી અને વાલીઓને જરૂરી માર્ગદર્શન પુરું પાડવા અને કારકિર્દી ઘડતરની મહત્ત્વપૂર્ણ પળે મદદરૂપ થવાના આશયથી ગુજરાત રોજગાર સમાચારનો 'કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક' પ્રસિદ્ધ કરવાની પ્રણાલી રહી છે.*

*આ પરંપરાના ભાગ રૂપે આ વર્ષે પણ કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. ધો.-૧૦ પછી મળતા વિકલ્પોમાં વિવિધ અભ્યાસક્રમો, આઈ.ટી.આઈ. અભ્યાસક્રમો, ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમો, વ્યક્તિત્વ વિકાસને લગતા લેખો આવરી લેવામાં આવ્યા છે. ધો.-૧૨ પછી મળતા વિકલ્પોમાં વિવિધ અભ્યાસક્રમો જેવાં કે, એન્જિનયરીંગ, ફાર્મસી, તબીબી ક્ષેત્રે ઉપલબ્ધ વિવિધ કોલેજો, તેની બેઠકો, ક્લોઝર, સ્નાતક પછીની કારકિર્દીની વિશાળ તકો, સ્પર્ધાત્મક ભરતી વિષયક માર્ગદર્શન, પ્રવેશ પરીક્ષાઓ, વિદેશમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો વગેરે વિષયોને લગતા લેખો તજજ્ઞ લેખકો દ્વારા તૈયાર કરી આશરે ૨૬૦ થી પણ વધુ પાનાનો દળદાર 'કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૩' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.*

*આ વિશેષાંક ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકના નોંધાયેલા ગ્રાહક મિત્રો તેમજ અન્ય તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને રૂા. ૨૦ની કિંમતે વહેલા તે પહેલાના ધોરણે ગાંધીનગર ખાતેની વડી કચેરી તેમજ જિલ્લા માહિતી કચેરીઓ ઉપરાંત ન્યૂઝ પેપર સામયિકના એજન્ટ/વિક્રેતા પાસેથી મળી શકશે.*

- તંત્રી

## SASHASTRA SEEMA BAL
## APPLICATION FORM FOR THE POST OF (.............)

Affix latest Passport size photograph duly attested by a Gazetted Officer

| Bank Draft and date | Amount |
|---|---|
| | |

1.Name in BLOCK LETTERS (as recorded in Matriculation Certificate)

First Name Middle Name Surname

2. Father's name (as entered in Matriculation Certificate)

3. (a) Date of birth (as in Matriculation Certificate) (b) Age as on 20-6-2013

| D | D | M | M | Y | Y | Y | Y |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 1 | 9 | | |

| Y | Y | M | M | D | D |
|---|---|---|---|---|---|
| | | | | | |

4. Educational Qualification : (Attach attested copy of Edu./Tech. Qualification certificate(s) & Typing etc.

| Exam. Passed | Name of School/Board/University/Institute | Subject Studied | Aggregate Percantage of Marks |
|---|---|---|---|
| | | | |

5. Religion :

| Hindu | Muslim | Shikh | Christian | Buddist | Jain | If others, specify |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

6. Whether belongs to :

| Gen | SC | ST | OBC | Ex. S.Men |
|---|---|---|---|---|
| | | | | |

(If SC/ST/OBC attached certificate true copy as per Central Govt. instructions.)

7. Whether :

| Gorkhas | Dogras | Marathas | Garhwalis | Kumaonis | Sikkimise |
|---|---|---|---|---|---|
| | | | | | |

(Attach true copy of certificate)

8. Whether belonging to North Eastern States, if so, specify.

(Attach true copy of certificate)

9. (i) Whether Tribal/Adivasi :

| Tribal | Adivasi | If other, Specify |
|---|---|---|
| | | |

(Attach true copy of certificate)

(ii) Whether belonging to :

| Mizo | Naga |
|---|---|
| | |

(iii) Whether

| Domiciled ordinariy J & K during 1980-89 | Affected in 1984 riots | affected in 2002 communal riots of Gujarat |
|---|---|---|
| | | |

(Attach true copy of certificate)

10. (a) Whether Ex-serviceman, if so indicate :-

| Gen | SC | ST | OBC |
|---|---|---|---|
| | | | |

(b) If Ex-Serviceman, mention following details (Attach CTC Discharge)

| Date of enrolment | Date of Retirement/discharge | Medical category | Award or decoration | Reason for release/discharge | Education qualification | |
|---|---|---|---|---|---|---|
| | | | | | Civil | Military |
| | | | | | | |

11. Permanent Address :

PIN

E-mail ID.

12. Present Address :

PIN

E-mail ID.

13. Contact No./Mobile No.

14. Whether employed in SSB 15. Govt. Service

16. If so, mention following details:

| Name of Present employer | Date since when | Post held | Name and designation of authority issing N.O.C. |
|---|---|---|---|
| | | | |

17. IDENTIFICATION MARK (Please write in the box)

18. Left Thumb Impression

**DECLARATION :** I hereby declare that all statements made in this application are true and complate to the best of my knowledge and belief. In the event of any information being found fals or incorrect or ineligibility being detected before or afer the test and interview my candidature will stand cancelled and all my claims of the recruitamet will stand foreited.

I also understand that if at any stage I am found by the Recruitment Board to have used unfair means in the written examination/ test or have violated any of the Rules/Regulations governing the conduct of selection process; my candidature can be cancelled or be declared to have faild by the Recruitment Boat at its sole discretion.

I also declared that I have never been arrested, prosecuted of convicted by any court of law for any criminal offence.

SIGNATURE OF THE CANDIDATE

# ઇન્ડો-તિબેટિયન સરહદી પોલીસ દળ

## કોન્સ્ટેબલ (પાયોનિયર) ની ભરતી

### (રસોઇયા/ધોબી/વાળંદ/પખાલી/સફાઈવાળા/દરજી/મોચી/માળી)

**(અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૧-૦૫-૨૦૧૩)**

ઇન્ડો તિબેટન બોર્ડર પોલીસ ફોર્સમાં કોન્સ્ટેબલ (પાયોનિયર)ની ગ્રુપ''સી'' ની જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ભારતીય નાગરિક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. જગ્યાઓ અખિલ ભારતીય ધોરણે સેવા માટેની છે એટલે કે પસંદ થયેલા ઉમેદવારની ભારતમાં ગમે ત્યાં અથવા વિદેશમાં પણ નિમણૂક થઇ શકે છે.

❑ **પગાર ધોરણ અને અન્ય ભથ્થાઓ :**

♦ **પગાર ધોરણ-રૂા. ૫૨૦૦-૨૦૨૦૦ +ગ્રેડ પે. રૂા. ૨૦૦૦**

♦ **અન્ય ભથ્થાંઓ :** આ જગ્યા પર વખતોવખત મળવાપાત્ર, મોંઘવારી ભથ્થું, રેશનમની, વોશિંગ એલાઉન્સ, વિશિષ્ટ નિર્દિષ્ટ સરહદી વિસ્તારોમાં નિમણૂક વખતે, ખાસ વળતર ભથ્થું, ફ્રી યુનિફોર્મ, ફ્રી રહેઠાણ અથવા એચઆરએ, ટ્રાન્સપોર્ટ એલાઉન્સ, ફ્રી લીવ પાસ અને અન્ય મળવાપાત્ર ભથ્થા/ નિયમાનુસાર મળી શકશે. પસંદ થયેલા ઉમેદવારોને નવી પેન્શન યોજના લાગુ પડશે.

♦ ટેસ્ટ માટે આવનાર ઉમેદવારે જણાવવું પડશે/ઉલ્લેખ કરવો પડશે કે તેમની સામે કોઈપણ પોલીસ સ્ટેશનમાં/નામદાર અદાલતમાં કોઈ ફોજદારી કેસ છે/પેન્ડીંગ છે/ફરિયાદ થઈ છે.

♦ ખાલી જગાની વિગત નીચે મુજબ છે :-

| જગ્યાનું નામ કોન્સ્ટેબલ | જગ્યાની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|
| | સામાન્ય | અ.જા. | અ.જ.જા. | અ.પ.વ. | કુલ |
| કોન્સ્ટેબલ (દરજી) | ૨૨ | ૦૬ | ૦૩ | ૧૨ | ૪૩ |
| કોન્સ્ટેબલ (માળી) | ૧૧ | ૦૩ | ૦૨ | ૦૬ | ૨૨ |
| કોન્સ્ટેબલ (મોચી) | ૧૭ | ૦૫ | ૦૨ | ૦૯ | ૩૩ |
| કોન્સ્ટેબલ (પખાલી) | ૫૮ | ૧૭ | ૦૯ | ૩૧ | ૧૧૫ |
| કોન્સ્ટેબલ (સફાઈ વાળા) | ૫૯ | ૧૭ | ૦૯ | ૩૧ | ૧૧૬ |
| કોન્સ્ટેબલ (રસોઈયા | ૫૯ | ૧૭ | ૦૯ | ૩૨ | ૧૧૭ |
| કોન્સ્ટેબલ (ધોબી) | ૨૯ | ૦૮ | ૦૪ | ૧૫ | ૫૬ |
| કોન્સ્ટેબલ (વાળંદ) | ૨૭ | ૦૮ | ૦૪ | ૧૫ | ૫૪ |

નોંધ : (૧) દરેક કેટેગરીમાં ૧૦% જગ્યા એક્સ-સર્વિસમેન માટે અનામત છે.

❑ **પાત્રતાની શરતો :**

❑ **ઉંમર :** કોન્સ્ટેબલ (પખાલી, સફાઈવાળા, રસોઈયા, ધોબી, વાળંદ માટે) ૧૮ થી ૨૫ વર્ષ તથા બાકી કેટેગરી માટે ૧૮ થી ૨૩ વર્ષ (તા. ૩૧-૦૫-૨૦૧૩ના રોજ)

♦ ઉપરની વયમર્યાદામાં એસસી/એસટી ઉમેદવારોને ૫ વર્ષની અને ઓબીસીને ૩ વર્ષની છૂટ મળી શકશે.

♦ એક્સ સર્વિસમેન તાલીમ પામેલ સૈનિક હોય છે તેથી તેમના માટે ફક્ત લેખિત પરીક્ષા અને મેડિકલ ફિટનેશ ટેસ્ટ જ થશે જેથી તબીબી દરજ્જો ચકાસી શકાય. ઉપરની વયમર્યાદામાં છૂટછાટ લશ્કરી સેવા ઉપરાંત ૩ વર્ષ સ્વીકાર્ય છે.

♦ ૧૯૮૪ અને ગુજરાત ૨૦૦૨માં થયેલા રમખાણોમાં માર્યા ગયેલા ઇસમોના બાળકો અને આશ્રિત સભ્યોને ઉપલી વયમાં પાંચ વર્ષની છૂટ મળશે. એસસી/એસટી/ઓબીસી છૂટછાટ સરકારી સૂચના મુજબ તે ઉપરાંત મળશે. આશ્રિત કૌટુંબિક સભ્ય અને બાળકોએ જ્યાં મૃત્યુ થયું હોય ત્યાંના સંબંધિત જિલ્લાના કલેક્ટરનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

♦ ઉપરની વયમર્યાદામાં છૂટછાટ ૫ વર્ષની તમામ વ્યક્તિને કે જેઓ ૧લી જાન્યુઆરી ૧૯૮૦થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૮૯ સુધી જમ્મુ અને કાશ્મીર રાજ્યના સામાન્ય રીતે નિવાસી રહ્યા હોય.

♦ ઉપરની વયમર્યાદામાં સરકારી નોકરો માટે કેન્દ્ર સરકારની સૂચનાઓ મુજબ ૫ વર્ષની છૂટછાટ સરકારી/અર્ધસરકારી વિભાગમાં કાર્યરત વ્યક્તિએ ઉપરી અધિકારી મારફતે ''નો ઓબ્જેક્સન સર્ટિફિકેટ'' એનેક્ષર-૧માં આપેલ ફોર્મેટ મુજબ આપવું પડશે.

❑ **શૈક્ષણિક લાયકાત :**

♦ કોન્સ્ટેબલ (પખાલી, સફાઈવાળા, રસોઈયા, ધોબી, વાળંદ માટે) માન્ય બોર્ડમાંથી ધોરણ ૧૦ પાસ.

♦ કોન્સ્ટેબલ (દરજી, માળી, મોચી) માટે માન્ય બોર્ડમાંથી ધોરણ ૧૦ પાસ. સબંધીત ટ્રેડમાં બે વર્ષનો કાર્યાનુભવ. અથવા સબંધીત ટ્રેડમાં આઈ.ટી.આઈ./વોકેશનલ ઈન્સ્ટિટ્યૂટમાંથી એક વર્ષનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ તથા ઓછામાં ઓછા એક વર્ષનો કાર્યાનુભવ. અથવા આઈ.ટી.આઈ.માંથી સબંધીત ટ્રેડમાં બે વર્ષનો ડિપ્લોમા અનુભવ માટે સ્વયં પ્રમાણિત પ્રમાણપત્ર પણ માન્ય ગણાશે.

❑ **શારીરિક માપદંડ :** (દરજી, માળી, મોચી,) માટે

| વિગત | ઊંચાઇ | છાતી | | વજન |
|---|---|---|---|---|
| | | ફુલાવ્યા વિના | ફુલાવીને | |
| લઘુત્તમ માપદંડ ઊંચાઇ અને છાતી સંબંધી આદિવાસી અથવા જનજાતિ માટે | ૧૬૨.૫ સે.મી. | ૭૬ સે.મી. | ૮૧ સે.મી. | તબીબી માપદંડ મુજબ ઊંચાઇના પ્રમાણમાં વજન. |
| **છૂટછાટ :** લઘુત્તમ માપદંડ (ઊંચાઇ અને છાતી માટે) એવા ઉમેદવારો માટે કે જેઓ ગઢવાલી, કુમાઉની, ગોરખા, ડોગરા, મરાઠા, કેટેગરીના હોય અને જે ઉમેદવારો સિક્કિમ, નાગાલેન્ડ, અરૂણાચલ પ્રદેશ, મણિપુર, ત્રિપુરા, મિઝોરમ, મેધાલય, આસામ, હિમાચલ પ્રદેશ, કાશ્મીર અને લેહ તેમજ લદાખ, જમ્મુ કાશ્મીરના રાજ્યોના હોય. | ૧૬૫ સે.મી. | ૭૮ સે.મી. | ૮૩ સે.મી. | |
| ઉપર જણાવેલ કેટેગરી સિવાયના માટે | ૧૬૭.૫ સે.મી. | ૭૮ સે.મી. | ૮૩ સે.મી. | |

(પખાલી, સફાઈવાળા, રસોઈયા, ધોબી, વાળંદ ) માટે ઊંચાઈ ૧૭૦ સે.મી., છાતી ૮૦-૮૫ સે.મી.

**નોંધ :** જેમને ઊંચાઇ છાતીમાં છૂટછાટ જોઇતી હોય તેમણે એનેક્સર-૫ મુજબ પ્રમાણપત્ર આપવું પડશે.

♦ **તબીબી માપદંડ :**

(એ) **આંખની દ્રષ્ટિ :** ઓછામાં ઓછી દ્રષ્ટિ ૬/૬ એક આંખમાં, ૬/૯ બીજી આખમાં ચશ્મા વિના.

(બી) ઉમેદવારના પગ વાંકા, સપાટ તળીયાવાળા, ફુલેલી નસો અથવા આંખમાં ફુલું ન હોવું જોઇએ. તેઓ ઉચ્ચ કલર દ્રષ્ટિ ધરાવતા હોવા જોઇએ. માનસિક અને શારીરિક આરોગ્ય શ્રેષ્ઠ હોવું જોઇએ. કોઇપણ પ્રકારની શારીરિક અક્ષમતા ન હોય. ફરજ નિભાવવામાં અડચણરૂપ હોય તેવી કોઇ ક્ષતિ ન હોવી જોઇએ.

❑ **અરજી કેવી રીતે કરશો ? :**

ઇચ્છુક ઉમેદવારોએ પોતાની અરજી (હિન્દી અથવા અંગ્રેજી)માં સંપૂર્ણ વિગત સાથે ઉમેદવારોના પ્રવેશપત્ર સાથે નિયત પ્રોફોર્મામાં એનેક્સર-૧ અને એનેક્સર-૨ મુજબ ટાઇપ કરીને અથવા ફુલસાઇઝ કાગળની એક બાજુ લખેલી પાસપોર્ટ સાઇઝ ફોટો ચોંટાડી ગેઝેટ અધિકારીના સહી સિક્કા સાથે, અરજી ફી સાથે જગાની વિગતમાં દર્શાવેલ બિડાણો સાથે નીચે જણાવેલ સત્તાધિકારીને નિયત તારીખ, ૩૧-૦૫-૨૦૧૩ પહેલાં મોકલવી.

❑ **અરજી મોકલવાનું સરનામું :**

**Post Box No. 650, P.O. Industrial Area , Chandigadh, Pin Code 160002.**

❑ **અરજી ફી :** જનરલ અને અ.પ.વ. ઉમેદવારોએ અરજી ફી તરીકે રૂા. ૫૦/- ચૂકવવાના છે. અરજી ફી સેન્ટ્રલ રિક્રુટમેન્ટ ફી સ્ટેમ્પ દ્વારા ચૂકવવાની છે. અ.જા./અ.જ.જા. અને એક્સ સર્વિસમેન ઉમેદવારોએ અરજી ફી ચૂકવવાની નથી. CRFS દ્વારા અરજી ફી ચૂકવનારા ઉમેદવારોએ અરજી ફોર્મમાં નિર્ધારીત જગ્યાએ CRFS ચોંટાડી તેને કેન્સલ કરાવવાનો રહેશે.

❑ **અરજી સાથે જરૂરી દસ્તાવેજોના બિડાણ નીચે મુજબ મોકલવા :**

નીચેના દસ્તાવેજ અરજીપત્રક સાથે બીડવા.

(એ) બે પાસપોર્ટ સાઇઝ ફોટો (એક અરજી પર અને બીજો પ્રવેશપત્ર પર ચોંટાડી પ્રમાણિત કરાવવા.)

(બી) CRFS

(સી) બે સેલ્ફ એડ્રેસ સાથેના કવરો ૪" X ૯" સાઇઝમાં દરેક કવર પર રૂ. ૫/- ની ટિકિટ ચોંટાડીને.

(ડી) જે કવરમાં અરજી મોકલો તેના પર બોલ્ડ લેટર્સમાં લખવું Application for the post of constable in ...........ITBP.

❑ **નીચે મુજબના દસ્તાવેજો/પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ.**

(૧) શૈક્ષણિક પ્રમાણપત્ર

(૨) જન્મ તારીખનું પ્રમાણપત્ર (જન્મ તારીખના પ્રમાણ માટે મેટ્રિક અથવા ૧૦મા ધોરણનું પ્રમાણપત્ર

(૩) અનુભવનું /આઇટીઆઇનું પ્રમાણપત્ર.

(૪) અનુસૂચિત જાતિ/અનુસુચિત જનજાતિ/ઓબીસી પ્રમાણપત્ર જે મામલતદાર કે એસડીએમએ ઇસ્યૂ કર્યુ હોય. નોંધ : ઓબીસી પ્રમાણપત્ર નિયત ફોર્મમાં એનેક્સર-૪ મુજબ.

(૫) અધિવાસનું પ્રમાણપત્ર સ્થાનિક મહેસુલી અધિકારીએ આપેલ નાગરિકતા ચકાસવા/ઉંચાઇ-વજનમાં છૂટછાટ મેળવવા.

(૬) એક્સ સર્વિસમેન તરીકે ડિસ્ચાર્જ સર્ટિફિકેટ.

❑ **પસંદગી પધ્ધતિ :**

અરજીઓ મળ્યા બાદ યોગ્ય ઉમેદવારોને ભરતી કસોટીમાં ઉપસ્થિત થવા માટેના એડમીટ કાર્ડ મોકલવામાં આવશે. ભરતીની તારીખ, સમય અને સ્થળ એડમીટ કાર્ડમાં દર્શાવવામાં આવશે. ભરતીના દિવસે સૌ પ્રથમ PST લેવામાં આવશે. સૌ પ્રથમ ઉમેદવારોની ઊંચાઈ માપવામાં આવશે.

♦ ઊંચાઈના માપદંડમાં યોગ્ય પૂરવાર થયેલ ઉમેદવારોએ ત્યારબાદ ૫ કિ.મી.ની દોડ ૨૪ મિનિટમાં પૂર્ણ કરવાની રહેશે. આ તબક્કામાં નિષ્ફળ જનાર ઉમેદવારને ભરતી પ્રક્રિયામાંથી દૂર કરવામાં આવશે.

♦ **ટ્રેડ ટેસ્ટ : (૫૦ ગુણ) :** PST માં ક્વોલીફાય થનાર ઉમેદવારોએ ત્યારબાદ સબંધીત ટ્રેડ માટે ટ્રેડ ટેસ્ટ આપવાનો રહેશે.

♦ **લેખિત પરીક્ષા ( OMR આધારીત)(૫૦ અંક) :** PST અને ટ્રેડ ટેસ્ટમાં યોગ્યતા મેળવનાર ઉમેદવારોએ લેખિત પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે. પ્રશ્નો હિન્દી અને અંગ્રેજી એમ બંને ભાષામાં પૂછાશે. જવાબો ભૂરી/કાળી બોલ પેનથી આપવાના રહેશે.

♦ લેખિત પરીક્ષામાં જનરલ અવેરનેસ/જનરલ નોલેજ, પ્રાથમિક ગણિત, એનાલીટીકલ એપ્ટિટ્યૂટ તેમજ નિરીક્ષણ અને પેટર્નની તરાહ તથા હિન્દી/અંગ્રેજી ભાષાની પ્રાથમિક જાણકારી ચકાસવામાં આવશે. પરીક્ષાનો સમય એક કલાકનો રહેશે.

♦ **કોઈ ઇન્ટરવ્યૂ યોજાશે નહીં.**

♦ **વિસ્તૃત તબીબી પરીક્ષણ :** મેરિટના આધારે પસંદગી પામેલ ઉમેદવારોએ તેમની ફિટનેસ ચકાસવા વિસ્તૃત તબીબી પરીક્ષા આપવી પડશે.

❑ તમામ પાત્ર ઉમેદવારોને ભરતીની તારીખ અને સ્થળ એડમિટ કાર્ડ દ્વારા જણાવશે. ઉમેદવારે ૬-૭ દિવસ રોકાવાય તે રીતે પોતાની વ્યવસ્થા કરી ભરતી કેન્દ્ર પર આવવાનું રહેશે. ઉમેદવારને શારીરિક ટેસ્ટ દરમ્યાન કોઈ નુકશાન/ઈજા માટે સરકાર જવાબદાર રહેશે નહીં. કોઈ ટીએ/ડીએ નહીં અપાય. અધુરી અરજી રદ થશે. તે અંગે કોઈ પત્રવ્યવહાર નહીં થાય. તારીખ વીતી ગયા બાદ અરજી નામંજૂર થશે.

❑ અરજી ફોર્મનો નમૂનો ડાઉનલોડ કરવા તથા વધુ વિગતો માટે આઇટીબીપીએફની વેબસાઇટ : **http:/www.itbpolice.in** અને **http:/itb.gov.in** જોવી.

# ભારતીય નૌકાદળ

ભારતીય નૌકાદળની લોજિસ્ટીક કેડરમાં પરમેનન્ટ કમિશન ઓફિસર અથવા એજ્યુકેશન બ્રાંચ અને એર ટ્રાફિક કંટ્રોલ શાખામાં ડિસેમ્બર-૨૦૧૩ થી શરૂ થતાં કોર્સમાં શોર્ટ સર્વિસ કમિશન ઓફિસર બનવા લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓન લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

**ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ : ૩૧-૦૫-૨૦૧૩**

❑ **યોગ્યતાના ધોરણ :**

♦ **લોજિસ્ટીક/વર્કસ-** વય મર્યાદા-૧૯.૫ થી ૨૫ વર્ષ. ઉમેદવાર તા. ૨-૧-૧૯૮૯ અને તા. ૧-૭-૧૯૯૪ વચ્ચે જન્મેલા હોવા જોઇએ.

♦ **એજ્યુકેશન બ્રાંચ** - વય મર્યાદા - ૨૧ થી ૨૫ વર્ષ. ઉમેદવાર તા. ૨-૧-૧૯૮૯ અને તા. ૧-૧-૧૯૯૩ વચ્ચે જન્મેલા હોવા જોઇએ.

♦ **એર ટ્રાફિક કંટ્રોલ બ્રાંચ - વય મર્યાદા** - ૧૯.૫ થી ૨૫ વર્ષ. ઉમેદવાર તા. ૨-૧-૧૯૮૯ અને તા. ૧-૧-૧૯૯૪ વચ્ચે જન્મેલા હોવા જોઇએ.

❑ **શૈક્ષણિક લાયકાત :**

♦ **લોજિસ્ટીક / વર્કસ (માત્ર પુરૂષો માટે) :** ઓછામાં ઓછા ૬૦ ટકા સાથે નીચે દર્શાવેલ પૈકી કોઇ એક લાયકાત.

❖ (એ) લોજિસ્ટીક માટે :

– બી.કોમ. / એમ.કોમ.
– બી.એ / એમ.એ. (ઇકોનોમિક્સ)
– બીબીએ / એમબીએ
– બીબીએમ
– બીસીએ / એમસીએ
– બી. એસસી.(આઇ.ટી.) / એમ. એમસી./(આઇ.ટી.)
– બી. ટેક./બી.ઇ. (કોઇપણ શાખા)
– સ્નાતક તથા મટીરીયલ્સ મેનેજમેન્ટમાં પી. જી. ડિપ્લોમા અથવા સ્નાતક
– આઇસીડબલ્યુએ
– સી.એ.

❖**(બી) વર્કસ માટે :**

– બી.ઇ. / બી. ટેક. (સિવિલ એન્જિનિયરીંગ)
– બીઆર્કિટેકચર

❖ **એજ્યુકેશન બ્રાંચ (મહિલા/પુરૂષ બંને માટે) :**

ઓછામાં ઓછા ૫૦ ટકા સાથે એમ.એસસી.(બી.એસસીમાં મેથ્સ.)/એમ.એસસી.મેથ્સ (બી.એસસી. માં ફિઝિક્સ)/એમસીએ/ એમ.એસસી. (ઓપરેશનલ રિસર્ચ/એનાલીસીસ)/એમ.એસસી. મીટીયોરોલોજી/ઓસનોગ્રાફી / એટમોસ્ફેરિક સાયન્સિસીસ) / એમ.એ. (અંગ્રેજી/હિસ્ટરી) અથવા ઓછામાં ઓછા ૬૦ ટકા સાથે બી.ઇ./બી.ટેક/એમ.ટેક. (મિકે.) /બી.ઇ./બી.ટેક/એમ.ટેક (કોમ્પ્યુટર સાયન્સ એન્જિ./આઇ.ટી)/એમ.ટેક. (મટીરીયોલોજી/ ઓસનોગ્રાફી, એટમોસ્ફેરિક સાયન્સિસીસ)

❖ **એર ટ્રાફિક કંટ્રોલ બ્રાંચ (મહિલા/પુરૂષ બંને માટે) :**

ઓછામાં ઓછા ૬૦ ટકા સાથે બી.એસસી.ઇન ફિઝિક્સ/મેથ્સ અથવા ઇલેક્ટ્રોનિક્સ અથવા ઓછામાં ઓછા ૫૫ ટકા સાથે એમ.એસસી. ઇન ફિઝિક્સ/મેથ્સ અથવા ઇલેક્ટ્રોનિક્સ.

❑ **ઓનલાઇન અરજી :** ઉમેદવારોએ નૌકાદળની વેબસાઇટ www.nausena-bharti.nic.in ઉપર **તા. ૩૧-૫-૨૦૧૩** સુધીમાં ઓનલાઇન અરજી કરવાની છે.

♦ ઓનલાઇન અરજી કર્યા બાદ ઉમેદવારોએ તેની બે પ્રિન્ટ આઉટ કાઢી લેવી. જે પૈકી એક પ્રિન્ટ આઉટમાં સ્વયંમની સહી કરી સ્વયંપ્રમાણિત ફોટોગ્રાફ, ધો-૧૦-ધો. ૧૨ના પ્રમાણપત્રની નકલ/માર્કશીટની નકલ તેમજ અન્ય શૈક્ષણિક લાયકાતના સેમેસ્ટર/વર્ષ વાઇઝ પ્રમાણપત્ર/માર્કશીટની નકલો સાથે રાખી નીચે દર્શાવેલ સરનામે **તા. ૧૦-૬-૨૦૧૩** સુધીમાં સાદી ટપાલથી મોકલી આપવી.

Post Box No. 04,
Chankayapuri, New Delhi-110021.

❖ અરજી મોકલવાના કવર પર " ONLINE APPLICATION NO._____ APPLICATION FOR PC (LOG)/SSC (EDUCATION) / SSC (ATC) - DEC 2013. COURSE Qualification _____ Percentage____% લખવું.

❖ જાહેરાતની વધુ વિગતો માટે વેબસાઇટ www.nqusena-bharti.nic.in જોવી. ●

## NATIONAL INSTITUTE OF NUTRITION

(Indian Council of Medical Research)
Jamai-Osmania PO. Tarnaka, Hyderabad - 500 007, A.P.

No.Emp/Notification/T&E/1/2012-13Date: 10-04-2013

Aplications are invited up to fill the following vacancies under Direct Recruitment Quota for the combined three Institutes i.e. National Institute of Nutrition, Food & Drug Toxicology Research & National Centres for Laboratory Animal Sciences at NIN, Hyderabad.

| Sl. No. | Name of the Post | Pay Band & Grade Pay | No.of Vacancies | Reservation |
|---|---|---|---|---|
| 1 | Technical'Officer "A" (Technical) | PB:2-Rs. 9300-34800 with Grade Pay Rs. 4600/- | 03 | 1-08C 1-UR 1-UR(PWD/HH) |
| 2 | Technical Officer "A" (Technical) | PB; 2-Rs. 9300-34800 with Grade Pay Rs. 4600/- | 01 | 1-UR |
| 3 | Technical Assistant (Technical) | PB:2-Rs. 9300-34800 With Grade Pay Rs. 4200/- | 05 | 1-SC 1-ST3-UR |
| 4 | Technical Assistant (Technical) | PB: 2-Rs. 9300-34800 with Grade Pay Rs. 4200/- | 01 | 1-OBC |
| 5 | Technical Assistant (Technical) | PB:2-Rs, 9300-34800 with Grade Pay Rs4200/- | 02 | 2-UR |
| 6 | Technlcian-"C" (Technical) | PB: 1-Rs. 5200-20200 with Grade Pay Rs. 2800/- | 02 | 2-UR |
| 7 | Technical Officer "A" (Engineering) | PB'. 2-Rs. 9300-34800 with Grade Pay Rs. 4600/- | 01 | 1-UR |
| 8 | Technical Assistant (Engineering) | PB: 2-Rs. 9300-34800 with Grade Pay Rs.4200/- | 01 | 1-UR |
| 9 | Technical Assistant (Engineering) | PB; 2-Rs. 9300-34800 with Grade Pay Rs. 4200/- | 01 | 1-OBC |
| 10 | Technician "C" (Engineering) | PB: 1-Rs. 5200-20200 with Grade Pay Rs. 2800/- | 02 | 1-OBC 1-UR |
| 11 | Technician "A" (Engineering) | PB: 1-Rs. 5200-20200 with Grade Pay Rs. 1900/- | 07 | 2-OBC 4-UR 1-URfHH) |
| 12 | Auxiliary Nurse Midwife | PB: 1-Rs. 520D-20200 with Grade Pay Rs. 2400/- | 02 | 2-UR |

Detailed advertisement is available in NIN web-site: **www.ninindia.org** along with appiication format, Applications can be obtained from the above address also and submit the same along with neccessary documents on or before due date.

Last Date of Receipt Applications will be 03-06-2013

Sr. Administrative Officer
For Director ●

## KANDLA PORT TRUST

**(Advt. No. GA/PS/9104/01 -13)**
**ENGAGEMENT ON CONTRACT BASIS**

**(1) RMO (Specialists)** - 02 **Posts** - General Surgeon/ Orthopedic Surgeon/Pediatrician/ any other Master Degree Holders.

**Age limit** - Uptd 65 years.

Consolidated payment ₹ Rs. 50,000/- p.m.

**(2) Pharmacist** - 05 **Posts** - Matriculate or equivalent. Must have passed Pharmacist's/Compounder's course from recognized institution and should be registered as Pharmacist with State Pharmacy Council under any section of Pharmacy Act.

**Age limit** - Upto 45 years.

Consolidated payment - Rs. 13,500/- p.m.

**(3) Sanitary Inspector** - 01 **Post** - Diploma of Sanitary Inspector with 3 years experience of Sanitary work in a recognized Municipal Corporation.

**Age limit** - upto 35 years.

Consolidated payment - Rs. 15,000/- p.m.

For further details, please visit Career/Vacancy link of KPT's website **www.kandlaport.gov.In.**

Interested candidates may appear for an interview along with their application, testimonials, and duly signed terms and conditions as per the schedule below.

1. RMO on 04/06/2013 at 10.30 hours in the office of the CMO, Port Hospital, Gopalpuri, Kutch, Gujarat State.
2. Pharmacist on 28/05/2013 at 10.30 hours in the office of the CMO, Port Hospital, Gopalpuri, Kutch, Gujarat State,
3. Sanitary Inspector on 30/05/2013 at 11.00 hours in the office of Secretary, KPT Administrative Office Building, Gandhidham- Kutch, Gujarat State. ●

## અન્ય જાહેરખબર

❑ **દિલ્હી પોલીસ :**

**જગ્યાનું નામ :** ઇન્સ્પેક્ટર (કોમ્પ્યુટર), સબ ઇન્સ્પેક્ટર (કોમ્પ્યુટર), આસિ. સબ ઇન્સ્પેક્ટર (રેડીયો ટેકનિશીયન, શોર્ટ હેન્ડ રિપોર્ટર (હિન્દી), હેડ કોન્સ્ટેબલ (સ્ટોક કલાર્ક), કોન્સ્ટેબલ (બગ્લર-પુરૂષ), કોન્સ્ટેબલ (બેન્ડમેન), કોન્સ્ટેબલ (માઉન્ટેડ-પુરૂષ)

**જગ્યાની સંખ્યા :** ૯૫

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૧૧-૬-૨૦૧૩

વેબ સાઈટ : **www.delhipolice.nic.in**

❑ **ઇરકોન ઇન્ટરનેશનલ લિમિટેડ : નવી દિલ્હી**

**જગ્યાનું નામ :** સેકશન ઓફિસર/આસિ.ઓફિસ સુપ્રિ.(એકાઉન્ટ), આસિ.મેનેજર (સિવિલ), જુ. એન્જિનિયર(સિવિલ), આસિ. મેનેજર, આસિ. મેનેજર, (ઇલે./એસ એન્ડ ટી), ફીટર (મિકે. ડિઝલ), જુ.એન્જિનિયર (ડીએમ/ પી.વે.), ટેકનિશીયન, ફીટર

**જગ્યાની સંખ્યા :** ૪૫

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૩૦-૫-૨૦૧૩

વેબ સાઈટ : **www.ircon.org**

❑ **ઇન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનિઝેશન : શ્રી હરીકોટા**

**જગ્યાનું નામ :** ફાયરમેન-A

**જગ્યાની સંખ્યા :** ૦૮

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૩૧-૫-૨૦૧૩

વેબ સાઈટ : **www.shar.gov.in**

❑ **ઓઇલ ઇન્ડિયા લિમિટેડ : દુલીયાજાન (આસામ)**

**જગ્યાનું નામ :** કોન્ફીડેન્શીયલ સેક્રેટરી
**જગ્યાની સંખ્યા :** ૧૧

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૩૧-૫-૨૦૧૩

વેબ સાઈટ : **www.oil-india.com**

❑ **યુનિયન પબ્લિક સર્વિસ કમિશન : નવી દિલ્હી**

**જગ્યાનું નામ :** ટેકનિકલ ઓફિસર (ડેરી ડેવલપમેન્ટ), એસો.પ્રોફેસર (એરેબિક), જુ.વર્કસ મેનેજર (ક્લોથીંગ ટેકનોલોજી), જુ.સાયન્ટિફિક ઓફિસર (કેમિસ્ટ્રી/ફિઝિક્સ/ટેક્સીકોલોજી/ બેલાસ્ટિક/એકસપ્લોઝિવ્સ), ડેપ્યુટી લેજિસ્લેટીવ કાઉન્સેલ (હિન્દી), રીડર (લો), પ્રોફેસર (ઇકોનોમિક્સ/ હિન્દી), રીડર પોલીટીકલ થીયર), એક્સ્ટ્રા આસિ. ડાયરેક્ટર (હાઈડ્રોમટીરીયોલોજી), સિનિયર લેક્ચરર (કોમ્યુનીટી મેડિસીન/ એનેસ્થેસીયોલોજી/ ડરમેટોલોજી/ઓર્થોપેડિક્સ/ માઈક્રોબાયોલોજી), પબ્લિક હેલ્થ ડેન્ટીસ્ટ

**જગ્યાની સંખ્યા :** ૪૧

**ઓન લાઇન અરજીની છેલ્લી તારીખ :** ૩૦-૫-૨૦૧૩

વેબ સાઈટ : **http://www.upsconline.nic.in**

❑ **સ્ટીલ ઓથોરીટી ઓફ ઇન્ડિયા લિ. : કોલકતા**

**જગ્યાનું નામ :** જુ. આસિસ્ટન્ટ (ટ્રેઈની)

**જગ્યાની સંખ્યા :** ૩૦

**ઓન લાઇન અરજીની છેલ્લી તારીખ :** ૧-૬-૨૦૧૩

વેબ સાઈટ : **www.sail.co.in**

❑ **એન.એમ.ડી.સી. લિ. : દક્ષિણ બસ્તર દાંતેવાડા (છત્તીસગઢ)**

**જગ્યાનું નામ :** જુ. ઓફિસર (માઈનીંગ/ ટ્રેઈની), જુ.સ્ટેનોગ્રાફર (ટ્રેઈની)

**જગ્યાની સંખ્યા :** ૧૮

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૩૦-૫-૨૦૧૩

**(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ, તા. ૪-૫-૨૦૧૩)**

**(૧) મુદ્રા રાક્ષસના રચયિતા ...**
(૧) ચંદ બરદાઇ (૨) ભવભૂતિ
(૩) વિશાખા દત્ત (૪) કલ્હણ

**(૨) ''પ્રબોધ ચિંતામણી'' ના રચયિતા ...**
(૧) મેરુતુંગ (૨) સોમદેવ
(૩) વિશાખા દત્ત (૪) ભવભૂતિ

**(૩) સોમદેવ કવિએ નીચેનામાંથી કઇ પ્રસિદ્ધ કૃતિની રચના કરી છે ?**
(૧) કથા સરિત સાગર (૨) પૃથ્વીરાજ રાસો
(૩) રાજતરંગિણી (૪) માલતીમાધવ

**(૪) ''વિક્રમાંકદેવ ચરિત્ર'' ની રચના કોણે કરી ?**
(૧) મેરુતુંગ (૨) બિલ્હણ
(૩) કલ્હણ (૪) ભવભૂતિ

**(૫) નીચેનામાંથી ક્યા સૂર્ય મંદિરની વિશેષતા એ હતી કે - સૂર્યનું પહેલું કિરણ મંદિરમાં રહેલી પ્રતિમા પર પડતું ?**
(૧) કોણાર્કનું સૂર્યમંદિર (૨) મોઢેરાનું સૂર્યમંદિર
(૩) કાશ્મીરનું માર્તંડ મંદિર (૪) ત્રણેય વિકલ્પો ખોટા છે

**(૬) ત્રણ મુખ વાળા શિવનું પ્રસિદ્ધ શિલ્પ કઇ ગુફામાં સ્થિત છે ?**
(૧) અજંતા (૨) ઇલોરા
(૩) એલિફન્ટા (૪) ખજૂરાહો

**(૭) દક્ષિણ ભારતના મંદિરોમાં ''ગોપુરમ્'' એટલે**
(૧) ઊંચો ભવ્ય પ્રાસાદ (૨) ભવ્ય પ્રાંગણ
(૩) ઊંચો ભવ્ય પ્રવેશદ્વાર (૪) ત્રણેય વિકલ્પો સાચા છે

**(૮) મીનાક્ષી મંદિર ક્યાં આવેલું છે ?**
(૧) તાંજોર (૨) વિશાખાપટ્ટનમ
(૩) મદુરાઇ (૪) તિરુવનંતપુરમ્

**(૯) ખજૂરાહો અને પુરી મંદિર જેવા ભવ્ય સ્થાપત્યો ક્યા યુગમાં બંધાયા ?**
(૧) પલ્લવ યુગ (૨) રાજપુત યુગ
(૩) ગુપ્ત યુગ (૪) મૌર્ય યુગ

**(૧૦) શાહબુદ્દીન ઘોરીને નીચેનામાંથી કઇ મહારાણીએ કારમો પરાજય આપ્યો હતો ?**
(૧) રઝિયા સુલતાન (૨) ઉદયમતી
(૩) રૂડાદેવી (૪) નાયિકા દેવી

**(૧૧) ''ગુલામ વંશ'' નો સ્થાપક ...**
(૧) શાહબુદ્દીન ઘોરી (૨) મહમંદ ગઝનવી
(૩) કુતુબુદ્દીન ઐબક (૪) બાબર

**(૧૨) હિન્દુ-મુસ્લિમ બાંધકામ શૈલીમાં બાંધેલા કુતુબમિનારનું કામ કોણે પૂરુ કર્યું હતું ?**
(૧) કુતુબુદ્દીન ઐબક (૨) ઇલ્તુત્મિશ
(૩) અલાઉદ્દીન ખિલજી (૪) રઝિયા સુલતાન

**(૧૩) પ્રખ્યાત કવિ અમીરખુશરો ક્યા મુઘલ શહેનશાહના સમકાલીન હતા ?**
(૧) બાબર (૨) ઇલ્તુત્મિશ
(૩) અલાઉદ્દીન ખિલજી (૪) ગ્યાસુદ્દીન બલ્બન

**(૧૪) ક્યા મુઘલ શહેનશાહે ''ભાવ નિયંત્રણ'' માટેના કડક કાયદા બનાવ્યા હતા ?**
(૧) અલાઉદ્દીન ખિલજી (૨) કુતુબુદ્દીન ઐબક
(૩) જલાલુદ્દીન ખિલજી (૪) રઝિયા સુલતાન

**(૧૫) હબસી મુસાફર ઇબ્નબતૂતા ક્યા મુઘલ શહેનશાહના સમકાલીન હતા ?**
(૧) ગ્યાસુદ્દીન તઘલખ (૨) મહંમદ ગઝનવી
(૩) કુતુબુદ્દીન ઐબક (૪) મહંમદ તઘલખ

**(૧૬) ક્યા મુઘલ શાસકના સમયમાં ''ડાકચોકી'' ટપાલ પદ્ધતિ દાખલ થઇ હતી ?**
(૧) ગ્યાસુદ્દીન તઘલખ (૨) મહંમદ તઘલખ
(૩) અલાઉદ્દીન ખિલજી (૪) કુતુબુદ્દીન ઐબક

**(૧૭) વિજયનગર નું રાજ્ય કોણે સ્થાપ્યું ?**
(૧) કૃષ્ણ દેવરાય (૨) હરિહર અને બુક્કા
(૩) મલિક કાફર (૪) એક પણ વિકલ્પ સાચો નથી

**(૧૮) શ્વેતાંબર-દિગંબર સંપ્રદાયોમાં સંઘભેદ રોકવા ક્યા સ્થળે પ્રથમ જૈન પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું ?**
(૧) વાતાપી (૨) પાટલી પુત્ર
(૩) મથુરા (૪) ઉજ્જયૈની

**(૧૯) ચંદ્રગુપ્ત મૌર્યને ક્યા જૈન આચાર્ય દ્વારા ધર્મમાં દિક્ષીત કરવામાં આવ્યો હતો ?**
(૧) ભદ્ર બાહુ (૨) મહાવીર સ્વામી
(૩) સ્થૂળ ભદ્ર (૪) સંપ્રતિ વિજય

**(૨૦) જૈન ધર્મના બે તીર્થંકરો અરિષ્ટનેમી અને ઋષભદેવનો ઉલ્લેખ ક્યા ગ્રંથમાં જોવા મળે છે ?**
(૧) ઋગ્વેદ (૨) ઉપનિષદો
(૩) પુરાણો (૪) યજુર્વેદ

**(૨૧) જૈન ધર્મનો પાંચમો સિધ્ધાંતઃ બ્રહ્મચર્ય કોના દ્વારા જોડવામાં આવ્યો હતો ?**
(૧) પાર્શ્વનાથ (૨) અરિષ્ટનેમી
(૩) મલ્લીનાથ (૪) મહાવીર સ્વામી

**(૨૨) મહાવીર સ્વામીને ૧૨ વર્ષની કઠોર સાધના/તપ પછી ક્યા વૃક્ષ નીચે કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું ?**
(૧) સાલનું વૃક્ષ (૨) વડનું વૃક્ષ
(૩) જાંબુનું વૃક્ષ (૪) પીપળાનું વૃક્ષ

**(૨૩) ભગવાન બુધ્ધનું મૃત્યું ક્યા સ્થળે થયું ?**
(૧) સારનાથ (૨) કુંડગ્રામ
(૩) તક્ષશિલા (૪) કુશીનગર

**(૨૪) ભાગવત ધર્મના મુખ્ય દેવતા ...**
(૧) અંગીરસ મુનિ (૨) વાસુદેવ શ્રીકૃષ્ણ
(૩) બ્રહ્મા (૪) શિવ

**(૨૫) ''પ્રબંધકો'' ના રચયિતા ...**
(૧) રાજશેખર (૨) મેરુતુંગ
(૩) જીનસેન (૪) ગુણભદ્ર

**જનરલ નોલેજ ક્વિઝ કોર્નર**
**મનીષ શાહ**

**(૨૬) મત્સ્યપુરાણમાં વિષ્ણુના કેટલા અવતારોના ઉલ્લેખ કરવામાં આવ્યા છે ?**
(૧) ૧૨ (૨) ૧૦
(૩) ૮ (૪) ૧૪

**(૨૭) મેગેસ્થનીસ કોના રાજદરબારમાં આવેલો ગ્રીક રાજદૂત હતો ?**
(૧) ચંદ્રગુપ્ત બીજો (૨) ચંદ્રગુપ્ત મૌર્ય
(૩) હર્ષવર્ધન (૪) સમુદ્રગુપ્ત

**(૨૮) ન્યાયસૂત્રના રચયિતા ...**
(૧) ગૌતમ ઋષિ (૨) કપિલ મુનિ
(૩) પતંજલિ (૪) કણાદ

**(૨૯) વૈશેષિક દર્શનના સ્થાપક ...**
(૧) કણાદ (૨) કપિલ મુનિ
(૩) પતંજલિ (૪) ગૌતમ ઋષિ

**(૩૦) ''સાંખ્યકારીકા'' ના રચયિતા ...**
(૧) કણાદ (૨) પતંજલિ
(૩) ગૌતમ ઋષિ (૪) કપિલ મુનિ

**(૩૧) ષડ્દર્શનમાં નીચેના પૈકી ક્યો વિકલ્પ ખોટો છે ?**
(૧) ન્યાય (૨) વેદાંત
(૩) વૈશેષિક (૪) કાત્યાયન સ્મૃતિ

